જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૪/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૭૪૬/૧૭

**અમદાવાદ શહેર વિસ્તારમાં પોતાના સાગરીત સાથે મળી મોટરસાઈકલ ઉપર જઈ રાહદારી સ્ત્રીઓ ને ટાર્ગેટ બનાવી તેઓના ગળામાંથી ચેઈન સ્નેચિંગ કરતો અને અગાઉ ઘણી વખત ચેઈન સ્નેચિંગના ગુન્હામાં પકડાયેલ મુકેશ ઉર્ફે બલ્લુ બલરામ મદ્રાસી ને એક દેશી તમંચો તથા બે કારતુસ તેમજ ચાર સોનાની ચેઈન સાથે ઝડપી પાડતી અ,વાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

**અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી રહે તેમજ નજીકના સમયમાં બનેલ ચેઈન સ્નેચિંગના ગુન્હાઓ શોધી કાઢવા સારુ તેમજ અટકવવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલાસાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ તથા પો.સ.ઇ .શ્રી કે.ડી.જાડેજા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર ના ચંડોળા તળાવ પાસેની પી.ડબ્લ્યુ.ડીની ઓફીસ પાસે નારોલ રોડ પાસે જાહેરમાંથી** મુકેશ@ બલ્લુ S/Oબલરામ જાતે.મદ્રાસી (કવંડર)ઉ.વ.૪૨ધંધો-છુટકમજુરીરહેવાસી-પી.ડબ્લ્યુ.ડી.ના છાપરામાં ચંડોળા તળાવ પાસે ઈસનપુર અમદાવાદ **નાઓને એક દેશી બનાવટનો તમંચો તથા બેકારતુસોતથા સોનાની તુટેલ ચેઈન મળી કુલ કિ.રૂ.૧,૬૭,૯૮૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેને અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.**

ઉપરોક્ત આરોપીઓની સઘન પુછપરછ કરતામુકેશ@ બલ્લુ S/Oબલરામ જાતે.મદ્રાસી (કવંડર)ઉ.વ.૪૨ધંધો- છુટકમજુરીરહેવાસી-પી.ડબ્લ્યુ.ડી.ના છાપરામાં ચંડોળા તળાવ પાસે ઈસનપુર અમદાવાદનાઓએ પોતાના સાથીદાર પિન્ટુ રહે. ચંડોળા તળાવ નાઓ સાથે મળી વટવા વિસ્તારના કુલ-૫ ચેઈન સ્નેચિંગના ગુન્હાઓની કબુલાત કરેલ હોયઅને જેમાં વટવા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ કુલ-૫ ગુન્હાનો ભેદ ઉકેલાય છે અને આ આરોપી પાસેના હથિયાર સબંધે આરોપી ઉપર આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)બી-એ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે અને જે ગુન્હાની આગળની વધુ તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.જાડેજા નાઓ ચલાવી રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચાંદખેડામાં આવેલ નક્ષત્ર કોમ્પલેક્ષમાંથી આઇ.પી.એલ. ૨૦-૨૦ ક્રીકેટ મેચ ઉપર ક્રીકેટ સટ્ટાનો જુગાર રમી રમાડતા ત્રણ ઇસમોની ધરપકડ કરી કુલ રૂ.૧,૬૨,૫૫૦/- નો મુદ્દામાલ કબ્જે કરતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર</u>**

સંયુકત પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ સુચના આપેલ કે હાલમાં ચાલી રહેલ આઇ.પી.એલ.૨૦-૨૦ ક્રીકેટ મેચો ઉપર કરોડોનો જુગાર રમાવાની શક્યતા હોય જેથી તેઓની સુચના અને માર્ગ દર્શન આધારે એસીપીશ્રી બી.સી.સોલંકી તથા પોસઇશ્રી જે.કે.રાઠોડ તથા સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા. દરમ્યાન ચાંદખેડા ગામ બસસ્ટેન્ડ પાસે આવતાં સાથેના એ.એસ.આઇ. નરેન્દ્રસિંહ વજેસિંહ નાઓને બાતમી મળેલ કે, "એક ઇસમ નામે <u>અંકિત કનૈયાલાલ પટેલ</u> રહે,જી-૧, સુર્ય અમી એપાર્ટમેન્ટ, ભાવના સોસાયટીની બાજુમાં રાણીપ અમદાવાદ વાળો તેના સાગરીત <u>શૈલેષભાઇ મંગળભાઇ પટેલ</u> રહે, ન્યુરાણીપ અમદાવાદ તથા <u>ચેતન નટવરલાલ પટેલ</u> રહે,એ/૩૦૧, શુકનહોમ, ન્યુરાણીપ અમદાવાદ એ રીતેના ત્રણેય જણાં મળી ચાંદખેડા આઇ.ઓ.સી.રોડ <u>નક્ષત્ર કોમ્પલેક્ષ ત્રીજો માળ દુકાનનં.૧૨</u> માં પોતાના આર્થિક ફાયદા સારૂં હાલમાં ચાલી રહેલ આઇ.પી.એલ.-૧૦ ની૨૦-૨૦ ની ગઇ કાલ તા.૦૯/૦૪/૨૦૧૭ ના રોજની સનરાઇઝ હૈદરાબાદ તથા ગુજરાત લાયન્સની ટીમો વચ્ચે ચાલી રહેલ ક્રીકેટ મેચ ઉપર પોતાના ગ્રાહકો પાસેથી ઓવર સેશન ઉપર ભાવ તાલ નક્કી કરી મોબાઇલ ફોન દ્વારા ક્રીકેટ સટ્ટાનો જુગાર ઉપરોકત ટીમો વચ્ચે મેચ ચાલું થયેથી રમી રમાડનાર છે' જે બાતમી આધારે આ નક્ષત્ર કોમ્પલેક્ષ ત્રીજે માળ દુકાન નં.૧૨ માં રેઇડ કરતાં ત્રણેય ઇસમો મળી આવેલ. જેઓના નામઠામ પુછતાં (૧) <u>અંકિત કનૈયાલાલ પટેલ</u> ઉવ.૨૮ રહે, જી-૧, સુર્ય અમી એપાર્ટમેન્ટ, ભાવના સોસાયટીની બાજુમાં રાણીપ અમદાવાદ (૨) <u>શૈલેષભાઇ મંગળભાઇ પટેલ</u> ઉવ.૪૦ રહે, બી/૨૩, રવી ટેનામેન્ટ, પ્રમુખ બંગલા પાસે, ન્યુ રાણીપ અમદાવાદ મુળ વતન ગામ:કડા તા.વિસનગર જી. મહેસાણા (૩) <u>ચેતન નટવરલાલ પટેલ</u> ઉવ.૩૯ રહે, એ/૩૦૧, શુકન હોમ, બેંક ઓફ બરોડાની સામે, ન્યુરાણીપ અમદાવાદના હોવાનું જણાવેલ. જેઓની પાસેથી તથા અંગઝડતીમાંથી મોબાઇલ ફોન નંગ-૧૩ કિ.રુ.૪૬,૦૦૦/- તથા અંગઝડતીના નાણાં રૂ.૨૯,૪૫૦/- તથા મો.સા. -૦૨ કિ.રૂ.૮૫,૦૦૦/- તથા એક ટી.વી. કિ.રૂ.૨૦૦૦/- તથા એક કેલ્ક્યુલેટર કિ.રૂ.૧૦૦ તથા એક ચોપડો કિ.રૂ.૦૦/૦૦ તથા એક લાઇટબીલ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે <u>કિ.રૂ.૧,૬૨,૫૫૦/-</u> નો મુદ્દામાલ મળી આવેલ છે આ અંગે ત્રણેય વિરુધ્ધમાં જુગારધારા કલમ ૪,૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે વધુ તપાસ ચાલું છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>કારંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ  રથનુ આયોજન કરી કારંજ વિસ્તારમાં સુરક્ષા બાબતે સ્કુલના બાળકોને તેમજ નાગરીકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.</u>**









**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)